વિવિધ પ્રમાણપત્રો આપવા માટેની
કાર્યભારની વહેચણી કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્ર: પરચ/૧૦૨૦૧૫/૬૩૮૭૭૮/અ
સચિવાલય, ગાંધીનગર
તા. /૨/૨૦૧૬
29 FEB 2016

વંચાણે લીધા:

(૧) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૪૯૪/૯૫૯/અ, તા.૬/૨/૧૯૯૬
(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૫૦૯/૧૬૬૩/અ, તા.૨૭/૪/૨૦૧૦
(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ, તા.૧૫/૬/૨૦૧૫
(૪) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૧૨૦૧૫/૫૦૦૨૭૮/અ, તા.૭/૭/૨૦૧૫

<u>પ્રસ્તાવના</u>

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકીના વિદ્યાર્થીઓ/ઉમેદવારો સરકારશ્રીની અનામત નીતિનો લાભ લેવા માટે જાતિ પ્રમાણપત્ર ઉપરાંત ઉન્નતવર્ગમાંથી બાકાત હોવા અંગેનું બિનઉન્નત વર્ગ(Non Creamy layer) પ્રમાણપત્ર મેળવવાનું રહે છે. સમાજ કલ્યાણ વિભાગના તા.૬/૨/૧૯૯૬ના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૪૯૪/૯૫૯/અ થી રાજ્ય હેઠળના અનામતના હેતુ માટે ઉન્નતવર્ગમાંથી બાકાત હોવા અંગેના પ્રમાણપત્રો આપવા માટે સક્ષમ સત્તાધિકારીઓ અધિકૃત કરવામાં આવેલા છે, તે પૈકી મામલતદાર મુખ્યત્વે સક્ષમ સત્તાધિકારી છે. રાજયમાં પ્રતિ વર્ષ અંદાજે છ લાખથી વધારે જાતિ પ્રમાણપત્રો અને બિનઉન્નત વર્ગ(Non Creamy layer) પ્રમાણપત્રો આપવામાં આવે છે.

પ્રતિ વર્ષ ધો.૧૦ અને ધો.૧૨ના પરિણામો બાદ તેમજ નોકરીઓમાં ભરતીની જાહેરાતો વખતે બિનઉન્નત વર્ગ(Non Creamy layer) પ્રમાણપત્રો મેળવવા માટે મામલતદાર કચેરીઓમાં થતો ધસારો તેમજ વિલંબને ટાળવા તથા બિનઉન્નત વર્ગ(Non Creamy layer) પ્રમાણપત્રો મેળવવાની સમગ્ર પધ્ધતિનું સરળીકરણ કરવાના હેતુથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૫/૬/૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ થી જે જોગવાઇઓ નિર્ધારીત કરવામાં આવી છે, તેમાં મામલતદાર ઉપરાંત તાલુકા વિકાસ અધિકારીને પણ બિનઉન્નત વર્ગ(Non Creamy layer) પ્રમાણપત્રો આપવા માટે સક્ષમ સત્તાધિકારી તરીકે અધિકૃત કરવામાં આવ્યા છે.

તાલુકા વિકાસ અધિકારીશ્રી (સંવર્ગ-૨) ના સરકાર માન્ય એસોશીએશન ધ્વારા રજૂઆત કરવામાં આવેલ છે કે તા.૧૫/૬/૨૦૧૫ના ઠરાવમાં બિનઉન્નત વર્ગ(Non Creamy layer) પ્રમાણપત્ર આપવા માટે વિસ્તારવાર કક્ષા દર્શાવેલ ન હોવાથી મામલતદારો માત્ર શહેરી વિસ્તારમાં જ બિનઉન્નત વર્ગ(Non Creamy layer) પ્રમાણપત્રો આપે અને બાકી રહેલ વિશાળ વસ્તી ધરાવતા ગ્રામીણ વિસ્તારો માટે તાલુકા વિકાસ અધિકારીઓએ પ્રમાણપત્રો આપવા પડે છે. તેથી તાલુકા વિકાસ અધિકારીની પ્રજાલક્ષી રોજબરોજની કામગીરી સાથે અને તાલુકા કક્ષાએ ચુંટાયેલ પદાધિકારીઓના સુમેળમાં રહી

બિનઉન્નત વર્ગ(Non Creamy layer) પ્રમાણપત્રો આપવા માટેની આ કામગીરીનો કાર્યબોજ વધારે થઇ પડે છે, જેથી મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીઓ વચ્ચે બિનઉન્નત વર્ગ(Non Creamy layer) પ્રમાણપત્રો આપવાના કાર્યબોજની પ્રમાણસર વહેંચણી થવી જોઇએ.

સમગ્ર બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવઃ-

૧. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટેના જાતિ અને બિનઉન્નત વર્ગોના પ્રમાણપત્રો આપવાની પધ્ધતિનું સરકારશ્રીના તા.૨૭/૪/૨૦૧૦ના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૫૦૯/૧૬૬૩/અ થી સરળીકરણ કરવામાં આવેલ છે, જે અનુસાર ગ્રામ્ય વિસ્તારો માટે તાલુકા વિકાસ અધિકારીઓએ, તાલુકાના વડામથક પૂરતુ મામલતદારોએ તથા શહેરી વિસ્તારોમાં જિલ્લા નાયબ નિયામક (વિ.જા.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા)એ જાતિ પ્રમાણપત્રો આપવાના રહે છે. પરંતુ કોઇ એક સક્ષમ અધિકારી ઉપર બોજ વધી જાય અને અન્ય અધિકારી ઉપર પ્રમાણમાં ઓછો કાર્યબોજ આવી પડે તે બાબત યોગ્ય ન હોવાથી જ્યાં સુધી જાતિ પ્રમાણપત્રો આપવાની બાબતને સંબંધ છે ત્યાં સુધી જિલ્લામાં આગાઉ તા.૨૭/૪/૨૦૧૦ના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૫૦૯/૧૬૬૩/અ થી નિયત કરેલા સક્ષમ અધિકારીઓ વચ્ચે જાતિ પ્રમાણપત્રો આપવાના કાર્યભારની વહેચણી સમન્યાયના(Equity) સિધ્ધાંત પ્રમાણે સરખા ભાગે વહેચણી થાય તે બાબત તા.૨૭/૪/૨૦૧૦ના ઠરાવથી કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં રચાયેલી જિલ્લા સમિતિએ સુનિશ્ચિત કરવાની રહેશે.

૨. બિનઉન્નત વર્ગ(Non Creamy layer) પ્રમાણપત્રો આપવા માટે માત્ર મહેસુલી અધિકારીઓ સક્ષમ સત્તાધિકારી હોઇ જિલ્લા નાયબ નિયામક (વિ.જા)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા) બિનઉન્નત વર્ગ(Non Creamy layer) પ્રમાણપત્રો આપવા માટે સક્ષમ નથી. આવા સંજોગોમાં સામાન્યતઃ ગ્રામ્ય વિસ્તારોમાં તાલુકા વિકાસ અધિકારીઓએ તથા તાલુકા અને શહેરી મથકે મામલતદારોએ બિનઉન્નત વર્ગ(Non Creamy layer) પ્રમાણપત્રો આપવાના રહેશે, તેમ છતાં, સ્થાનિક સંજોગો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની વસ્તી, તાબા હેઠળના મામલતદારો તથા તાલુકા વિકાસ અધિકારીઓનો કાર્યબોજ, તે અંગે ઉપલબ્ધ મહેકમ વગેરે બાબતો ધ્યાને લઇ, સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ કાર્યબોજની સપ્રમાણ વહેંચણી થાય તે સરકારશ્રીના તા.૨૭/૪/૨૦૧૦ ના ઠરાવથી નિર્ધારિત કર્યા અનુસારની સ્થાનિક કક્ષાએ જાતિ પ્રમાણપત્રો, બિનઉન્નત વર્ગ(Non Creamy layer) પ્રમાણપત્રો તથા આવકના પ્રમાણપત્રો સહિત અન્ય સામાન્ય(General) પ્રકારના પ્રમાણપત્રો અંગે ઉપસ્થિત વિવાદો/પ્રશ્નોના નિરાકરણ માટેની જિલ્લા કલેકટરશ્રીની અધ્યક્ષતામાં બનેલી સમિતિએ સપ્રમાણ કાર્યભોજની વહેચણી કરવાની બાબત સુનિશ્ચિત કરવાની રહેશે.

3. ઉપરોક્ત નિર્ધારિત થયેલ કામગીરીના વિભાજનને સામાન્ય સંજોગોમાં અનુસરવાનું રહેશે. પરંતુ તાકીદના કે ખાસ સંજોગોમાં જડતાપૂર્વક તેનું ચુસ્ત રીતે પાલન કરવુ આવશ્યક નથી. એક સક્ષમ સત્તાધિકારી ગેરહાજર હોય કે વાલી, વિદ્યાર્થી/ઉમેદવારને બિનઉન્નત વર્ગ(Non Creamy layer) પ્રમાણપત્ર તાત્કાલિક મેળવી રજુ કરવાનું થતુ હોય તેવા પ્રકારના ખાસ સંજોગોમાં સક્ષમ

સત્તાધિકારીઓએ પરસ્પરની અવેજીમાં બિનઉન્નત વર્ગ(Non Creamy layer) પ્રમાણપત્રો આપવાના રહેશે.

૪. અત્રે ઉલ્લેખનીય છે કે આ સુચનાઓ માત્ર રાજ્ય હેઠળના અનામતના હેતુ માટેના બિનઉન્નત વર્ગ(Non Creamy layer) પ્રમાણપત્રો આપવા સંદર્ભે જ છે. કેન્દ્રના હેતુ માટે અપાતા તથા અન્ય પછાત વર્ગો (OBC) પ્રમાણપત્રો માટે આ સુચનાઓ લાગુ પડતી નથી, કેન્દ્ર હેઠળના અનામતના હેતુ માટે અન્ય પછાત વર્ગો (OBC) પ્રમાણપત્રો આપવા માટેની સરકારશ્રીની સ્થાયી સુચનાઓ યથાવત રહે છે.

આ સુચનાઓથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના જાતિ પ્રમાણપત્રો, બિનઉન્નત વર્ગ(Non Creamy layer) પ્રમાણપત્રો તથા આવકના પ્રમાણપત્રો સહિત અન્ય સામાન્ય(General) પ્રકારના પ્રમાણપત્રો અંગેની રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકારની અન્ય સ્થાયી સુચનાઓ કે નીતિમાં કોઇ ફેરફાર થતો નથી. તે અંગેની વખતો વખતની સ્થાયી સુચનાઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- રાજ્યપાલશ્રીના અગ્ર સચિવ શ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.અધિ.)ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવ શ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવ શ્રી, મહેસૂલ વિભાગ સચિવાલય, ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, આ અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ નાયબ નિયામકશ્રીઓ(વિ.જા.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.)
- સિલેક્ટ ફાઇલ(ના.સે.અધિ./શાખા)